# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૩/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨/૮૩ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૪૧૫/૨૦૨૫**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૧૯૩/૨૦૦૧ ઇપીકો કલમ ૪૨૭, ૧૧૪, મુજબ તથા સ્પે.(એટ્રો) કેસ નંબર-૮૩/૨૦૨૩ મુજબના ગુનાના કામે આરોપી ગૌતમકુમાર સ/ઓ જગદીશભાઈ યાદવ (રહે. મ.નં. ૧૯૫ ધનલક્ષ્મી સોસાયટી વટવા અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી બી.બી.જાદવ સાહેબ, એસસી/એસટી પી એટ્રોસીટી સ્પેશિયલ કોર્ટ નંબર-૧૭ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૧૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨૩ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૧૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૪૧૮/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** જતીનભાઇ સ/ઓ બાબુભાઇ પટેલ (ઉ.વ.૩૨) (રહે. અવધ પ્રાગન હારમની હરીકેસ પાસે સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જતીનભાઈ પટેલ નાઓ સોલા બ્રિજ પાસે શિવશક્તિનગર ખાતે નિલકંઠ ટ્રેડર્સ નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય જેમાં સેલ્સમેનની જરૂરીયાત હોય અખબારમાં જાહેરાત આપતા દેવેન્દ્રકુમાર ભરતભાઇ પંચાલ (રહે. વિજયનગર સોસાયટી દેથલી ચાર રસ્તા સિધ્ધપુર પાટણ) નાઓની જતીનભાઈ સાથે મુલાકાત થતા તેઓનું ક્વોલીફીકેશન સારું લાગતા જતીનભાઇએ સેલ્સમેન તરીકે રાખેલ હતા. ત્યારબાદ ઇલેક્ટ્રીક માલ-સામાનના ઓર્ડર લેવાનું તેમજ માલ-સામાનના નાણાં ઉઘરાણી કરવાનું કામ સોપેલ હતું. ત્યારબાદ દેવેન્દ્રકુમાર પંચાલ એ માહે ઓગસ્ટ/૨૦૨૪ થી ઓર્ડર લઈ માલ-સામાન મોકલી વેપારીઓ પાસેથી રૂપિયા ૪૨,૨૧,૪૧૭/- ઉઘરાવી લઇ આજદીન સુધી હિસાબ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય જતીનભાઈ હિસાબ લેવા તેઓના ઘરે જતા દેવેન્દ્રકુમારના પિતા ભરતભાઇ પંચાલ અને કાકા લાલભાઇ પંચાલએ પૈસા નહી માંગવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

**ઈસનપુરઃ** દિપ્તીબહેન શૈલેષ જાની (ઉ.વ.૫૪) (રહે. આભુષણ એપાર્ટમેન્ટ જયંતપાર્ક સોસાયટી ભાડુઆતનગર ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દિપ્તીબહેન જાનીએ ઉષા કંપનીમાંથી મિક્ષર ખરીદ કરેલ હતું જે ખરાબ થઈ જતા દિપ્તીબહેન જાનીએ ઉષા કંપનીમાં ફરીયાદ કરવા માટે ગુગલમાંથી કસ્ટમર કેર નંબર મેળવી ફોન કર્યો હતો પરતું ફોન રિસીવ થયેલ ન હતો. ત્યારબાદ મોબાઈલ નંબર ૭૩૦૭૨૩૨૯૫૯ પરથી દિપ્તીબહેન જાનીના મોબાઈલ નંબર ઉપર ફોન આવેલ અને ઉષા કંપનીમાંથી વાત કરતા હોવાનું જણાવેલ તેમજ તેઓએ વોટ્સએપ કોલ આવશે તેના ઉપર વાત કરો તેમ કહેલ. ત્યારબાદ તા.૨૭/૦૩/૨૦૨૫ કલાક ૧/૦૫ વાગ્યાના સુમારે વોટ્સએપ નંબર +૯૧ ૮૯૨૩૧૨૬૨૧૧ ના ધારકે કોલ કરતા દિપ્તીબહેન જાનીને મિક્ષર ખરાબ થયાની ફરીયાદ કરતા તેઓએ દિપ્તીબહેન જાનીના મોબાઈલમાં શેર સ્ક્રીન માટે પ્રોસેસ કરાવી ગુગલ પે ખોલાવી જેમાં રૂપિયા ૪૬,૬૩૨/- તથા પીન નંબર નખાવતા દિપ્તીબહેન જાનીના ખાતામાંથી રૂપિયા ૪૬,૬૩૨/- ટ્રાન્સફર થઈ ગયા હતા. જેથી ટ્રાન્સફર થયેલ પૈસા રિફંડ માટે ફરી પ્રોસેસ કરાવી રૂપિયા ૧૪,૭૨૩/- ટ્રાંજેક્સન કરાવી કુલ રૂપિયા ૬૧,૩૫૫/- ટ્રાન્સફર કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૧૯/૨૦૨૫**

**દાણીલીમડાઃ** બાબુભાઇ સોમાભાઇ કાપડીયા (ઉ.વ.૭૨) (રહે. ન્યુ નંદનવન સોસાયટી મંગલવિકાસ સોસાયટી સામે દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૫ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે શિવમ સોસાયટી નજીક ફુટપાથ આગળ એક સિલ્વર કલરની ફોર વ્હીલર ગાડીમાં આવેલ બે પુરૂષોએ સરનામું પુછવાના બહાને ગાડી ઉભી રાખી બાબુભાઈને ગાડી નજીક બોલાવ્યા હતા. દરમ્યાન ગાડીના ચાલકે ગાડીમાં નિવસ્ત્ર અવસ્થામાં બેસેલ એક પુરૂષ બાવાજી હોવાનું જણાવી બાબુભાઈને આર્શીવાદ આપવાના બહાને બાબુભાઈના હાથ ગાડીના દરવાજા ઉપર મુકાવી બાબુભાઈની નજર ચુકવી બાબુભાઈના હાથમાં પહેરેલ સોનાની વીંટી કિમત રૂપિયા ૩૦,૨૭૦/- તથા ચેનકેન રોકડ રૂપિયા ૩૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.લાઘવા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૨૦/૨૦૨૫**

**સરખેજઃ** સરખેજ સાણંદ રોડ શાંતીપુરા સર્કલ પાસે ટ્રુ વેલ્યુ કાર શો-રૂમની બાજુમાં સ્વાતી પ્રિમિયર નામની નવી બનતી સાઇટ લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા રતનસિંહ વાલસિંહ ડાવર (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ-દેહરીપુરા તા-કુકછી જીધાર મધ્ય પ્રદેશ) તા.૨૬/૦૩/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સ્વાતી પ્રિમિયર નામની નવી બનતી સાઇટના ૧૮ માં માળે ક્રેનમાં લગાવેલ ક્રોકિટની બકેટ ઉતારવાનું કામ કરતા હતા ત્યારે બકેટનો તાર તુટી જતા બકેટ રતનસિહ ડાવર ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સરખેજ શ્રેય હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.વાળા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૨૧/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** વિશાલ સ/ઓ હસ્તીમલ માલી (ઉ.વ.૨૫) (રહે. શિવાલયા હાઈટ્સ આવાસ યોજના કેપીટલની ગલીમાં સોલા ગામ પાછળ સોલા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૩/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી ૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રેહણાંક શિવાલયા હાઈટ્સ આવાસ યોજનાના છઠ્ઠા માળથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ ઉપરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**સેટેલાઇટઃ** સેટેલાઇટ સ્ટાર બજાર સામે માનસ કોમ્પલેક્ષ ખાતે પી.જી.માં રહેતા અભિમન્યુ પ્રમોદકુમાર સિંહ (ઉ.વ.૨૮) (મુળ વતન. અપહર સારન બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**નારોલઃ** વૈશાલી ડૉ/ઓ જીતેશભાઇ સોલંકી (ઉ.વ.૨૪) (રહે. શ્રી રામ રેસિડેન્સી મહેન્દ્રા શો–રૂમની ગલીમાં ભમ્મરીયા રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૩/૨૦૨૫ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી